ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૦/૨૧-૨૨/૨૨૦૩ તારીખ : 16 JUL 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જાડેજા હરદીપસિંહ નરેન્દ્રસિંહ,**
**રામેશ્વર પાર્ક, નવા જંકશન રોડ,**
**અંધ વિદ્યાલય પાછળ,**
**મું.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૯૮૯ ૯૪૫૯૦.**

કેસ નં.૨૦/૨૧-૨૨

**વિષય : ફાસ્ટ મીટરને લીધે મળેલ મોટી રકમના બિલ ના રીફંડ જમા આપવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૯/૦૬/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૧/૦૬/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૧-૨૨/૧૭૭૭ તા.૧૫/૦૬/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૧-૨૨/૧૯૨૬ તા.૨૯/૦૬/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૯/૦૭/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી-૧, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૨૦/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી હરદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૯/૦૭/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી હરદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એન.એમ.પંડયા, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હરદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, મું. સુરેન્દ્રનગર ની ફાસ્ટ મીટરને લીધે મળેલ મોટી રકમના બિલના રીફંડ જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૦/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૨૧–૨૨/૧૭૭૭ તા.૧૫/૦૬/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૯/૦૭/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી હરદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન.એમ.પંડયા, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી હરદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, સુરેન્દ્રનગર ના રહેવાસી છે. જેઓ, ગ્રાહક નં–૨૫૧૦૬/૦૬૩૨૧/૩ થી ૦.૫ કિ.વો.નું ઘર વપરાશનું વિજ જોડાણ સુરેન્દ્રનગર શહેર–૧ પેટા વિભાગીય કચેરી ખાતે ધરાવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓના મીટરમાં તા.૨૨/૧૦/૨૦૨૦ થી તા.૨૭/૧૦/૨૦૨૦ સુધી ના સમયગાળામાં વિજ મીટરમાં ખામી હોવાના લીધે, અંદાજીત ૯૦૦ યુનિટ દરરોજ વપરાશ આવેલ હતી એટલે કે, ૫ દિવસમાં અંદાજીત ૫૦૦૦ યુનિટ ની વિજવપરાશ જોવા મળેલ છે. જે વપરાશ અમો દ્વારા કરવામાં આવેલ નથી તેમ જણાવે છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૩ સદર મીટર લેબમાં ખોલવામાં આવતા, રીપોર્ટ માં જણાવેલ હતું કે, તા.૨૦/૧૦/૨૦૨૦ થી તા.૨૭/૧૦/૨૦૨૦ સુધી ના સમયગાળા માં દરરોજ આશરે ૯૦૦ યુનિટ ના જમ્પ લાગેલા છે અને ત્યારપછીના વપરાશમાં ૭ યુનિટ રોજ ના જોવા મળે છે. જેથી, સદર બાબતે યોગ્ય કરવા અરજી કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી તા.૨૯/૫/૨૦૧૪ થી સુરેન્દ્રનગર વિસ્તારમાં ઘર વપરાશનું ૦.૫ કિ.વો. નું વિજ કનેકશન ધરાવે છે.

૨.૨ પેટા વિભાગીય કચેરી ના મીટર રીડર દ્વારા તા.૧૫/૧૧/૨૦૨૦ ના રોજ વાદીના મીટર નું વાંચન કરતા ૨૦૨૧૨ યુનિટ જોવા મળેલ હતા જયારે, લેઝર મુજબ પાછળના યુનિટ ૧૪૧૦૮ હતા. જેથી વપરાશ (૨૦૨૧૨–૧૪૧૦૮) ૬૧૩૬ યુનિટ નું બિલ આપવા પાત્ર થાય. જે વાદીની સરેરાશ વપરાશ કરતા ઘણું વધારે હોવાથી, મીટર જમ્પ મારેલ છે તેવો ઉલ્લેખ મીટર રીડર દ્વારા વિજ બિલ માં કરેલ હતો. મીટર માં વધુ યુનિટ જોવા મળતા વાદીને મીટર ખામીયુકત જણાતા, ૪૦૦ યુનિટ નું એવરેજ બિલ આપવામાં આવેલ હતું.

૨.૩ સદર મીટર વિજ કર્મી દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ બદલવામાં આવેલ છે. જે અન્વયે, CRM Module માં તા.૧૩/૧૧/૨૦૨૦ ના રોજ અપડેટ કરવામાં આવેલ હતું.જેના લીધે મીટર માં ૧૪૧૦૮ થી ૨૦૨૪૪ રીડીંગ નો તફાવત ગણી, ૬૧૩૬ યુનિટ ની આકારણી કરીને બિલ લેઝરમાં ઉધારવામાં આવેલ હતું.

૨.૪ મીટર રીડર ના રીપોર્ટ ના આધારે, તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ વિજ કર્મી દ્વારા વાદી નું મીટર બદલવામાં આવેલ હતું. સદર મીટર વાદીની હાજરીમાં તા.૩/૧૨/૨૦૨૦ ના લેબમાં તપાસ કરવામાં આવેલ હતું. જેનો એમ.આર.આઈ રીપોર્ટ પણ કાઢવામાં આવેલ હતો. વધુમાં, લેબ રીપોર્ટ માં પણ મીટર ખામીયુકત હોવાથી જમ્પ મારેલ છે તેમ દર્શાવેલ છે.

૨.૫ એમ.આર.આઈ.રીપોર્ટ જોતા, ઓકટોબર–૨૦ માં મીટર જમ્પ મારેલ હોવાનું જણાય છે. તેમજ તા.૨૬/૧૦/૨૦૨૦ ના એમ.આર.આઈ.રીપોર્ટ માં એમ.ડી.૨૩.૯૦ જોવા મળે છે. જયારે, તા.૪/૯/૨૦૨૦ માં ૧.૨૦ એમ.ડી.તા.૨૧/૮/૨૦૨૦ ના રોજ ૧.૨૦ એમ.ડી.અને તા.૧૧/૭/૨૦૨૦ ના રોજ એમ.ડી.૦.૯૦ ની જોવા મળે છે.

૨.૬ સદર કંપની ના મીટર માં ૨ મીટર નંબર જોવા મળે છે. જેના લીધે લેઝરમાં મીટર નો નંબર–૦૨૬૨૨૩૩૦ છે.જયારે, મીટરમાં ૮૦૮૧૨૪૧૦ નંબર જોવા મળે છે. પણ સદર મીટર નંબર બંને એકજ ગ્રાહક ના છે. જે આપની જાણ સારૂં.

૨.૭ વાદીની વપરાશ માર્ચ–એપ્રિલ–૨૦૨૦ માં ૪૩૦ યુનિટ, મે–જુન–૨૦૨૦ માં ૧૦૧૫ યુનિટ અને જુલાઈ–ઓગષ્ટ –૨૦૨૦ માં ૨૭૩ યુનિટ, નો વિજ વપરાશ જોવા મળે છે. આમ, ત્રણ બિલની સરેરાશ કાઢવામાં આવતા સરેરાશ વિજ વપરાશ ૫૭૩ યુનિટ આવે છે.

૨.૮ સદર મીટર નો એમ.આર.આઈ.રીપોર્ટ અને લેબ રીપોર્ટ અને લેઝર રીપોર્ટ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

Consumer Grievances Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી જાડેજા હરદીપસિંહ નરેન્દ્રસિંહ, સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં ગ્રાહક નં–૨૫૧૦૬/૦૬૩૨૧/૦ થી સીંગલ ફેઈઝ ઘર વપરાશનું વિજ જોડાણ ધરાવે છે. પ્રતિવાદી દ્વારા વાદીના વિજ સ્થાપન પરનું મીટર રીડીગ ની નોંધ કરી દ્વિમાસીક વિજ બિલ આપવામાં આવેલે.

૩.૨ તા.૨/૯/૨૦૨૦ ના રોજ વાદીના વિજ સ્થાપન પર ના વિજ મીટરમાં ૧૪૧૦૮ રીડીગ નોંધાયેલ અને તા.૧૫/૧૧/૨૦૨૦ ના રોજ વાદીના વિજ મીટરમાં ૨૦૨૪૪ રીડીગ નોંધાયેલ, આથી પ્રતિવાદીએ સપ્ટે–ઓકટો બિલ્ડ ઈન નવે–૨૦૨૦ ના તા.૧૫/૧૧/૨૦૨૦ ના રોજ વાદીને ૬૧૩૬ યુનિટ નું વિજ વપરાશ નું વિજ બિલ આપેલ. જેથી, વાદીએ ફોરમને વધુ વિજ બિલ હોવા બાબતે રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદી એ વાદીના વિજ વપરાશ ની ૨૦૧૯ અને ૨૦૨૦ નું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. તે મુજબ વાદીના વિજ સ્થાપન પર ૨૦૧૯ ના વર્ષ દરમ્યાન એવરેજ ૫૨૬ યુનિટ અને ૨૦૨૦ ના વર્ષ દરમ્યાન એવરેજ ૧૪૨૦ યુનિટ ની વપરાશ નોંધાયેલ છે.

૩.૪ વાદીના વિજ સ્થાપન પરનું મીટર તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી એ બદલાવેલ તે સમયે વાદીના મીટર માં નોંધાયેલ રીડીગ ૨૦૨૪૪ હતા. આ મીટરને તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીગ લેબમાં તપાસણી કરેલ. જે રીપોર્ટમાં લેબ અધિકારી એ "Abnormal defective Reading" એવી નોંધ કરેલ છે. તેમજ મીટર નો MRI ડાઉનલોડ કરવામાં આવેલ. MRI ના ઓબ્ઝર્વેશન માં બિલીગ હિસ્ટ્રી જોવા મળે છે કે, તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ વાદીના મીટરમાં ૨૩.૯ એમ.ડી.નોંધાયેલ છે. તેમજ તા.૨૨/૧૦/૨૦૨૦ થી તા.૨૭/૧૦/૨૦૨૦ દરમ્યાન વાદીના વિજ મીટર ના રીડીગ ૧૪૪૭૯ થી ૧૯૮૨૦ સુધી મીટર રીડીગ નોંધાયેલ છે. આમ, તા.૨૨/૧૦/૨૦૨૦ થી તા.૨૮/૧૦/૨૦૨૦ દરમ્યાન વાદીના વિજ વપરાશમાં ૫૩૪૧ વિજ યુનિટ ની વપરાશ નોંધાયેલ છે. જે વાદીના વિજ સ્થાપન પર જોડેલ વિજ લોડ, ૪ પંખા, ૨ ટી.વી, ૧ ફ્રીઝ, અને ૬ સીએલએફ લેમ્પ ના પ્રમાણમાં ખૂબ જ એબ્નોર્મલ છે.

૩.૫ તારણ નં–૩.૪ પરથી એવું તારણ કાઢવામાં આવે છે કે, વાદીના વિજ સ્થળ પરનું મીટર તા.૨૨/૧૦/૨૦૨૦ થી તા.૨૮/૧૦/૨૦૨૦ સુધી મીટર રીડીગમાં જમ્પ થઈ અને એબ્નોર્મલ વિજ વપરાશની નોંધ થઈ છે. આથી, આ મીટર ને ડીફેકટીવ ગણી, પ્રતિવાદીએ વાદીને સપ્ટે–ઓકટો–૨૦૨૦ માસનું બિલ ૬૧૩૬ યુનિટ ની વિજ વપરાશનું બિલ રદ કરવું અને પ્રતિવાદીએ વાદીને GERC ના સપ્લાય કોડ મુજબ એવરેજ બિલ આપવું.

૩.૬ વાદીનું તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ મીટર બદલ્યા પહેલા મે–૨૦૨૦ ૪૩૦ યુનિટ, જુલાઈ–૨૦૨૦ નું ૧૦૧૫ યુનિટ, સપ્ટે–૨૦૨૦ નું ૨૭૩ યુનિટ ની વિજ વપરાશની એવરેજ ગણતાં, દ્વિમાસીક એવરેજ ૫૭૬ યુનિટની આવે છે.

૩.૭ ઉપરના તારણ નં–૩.૫ અને ૩.૬ મુજબ પ્રતિવાદીએ વાદીને આપેલ સપ્ટે–ઓકટો બિલ્ડ ઈન નવે–૨૦૨૦ નું તા.૧૫/૧૧/૨૦૨૦ નું ૬૧૩૬ યુનિટ નું વિજ બિલ રદ કરવું અને સપ્ટે–ઓકટો–૨૦૨૦ નું ૫૭૬ યુનિટ નું એવરેજ બિલ આપવું. જે વાદીએ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **(પી.એન.આજકીયા)** | **(એમ.આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૯/૦૭/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.